પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૨૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૦૧-૨૦૨૪ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અયોધ્યામાં રામ મંદિરના દરવાજા ખુલતા જ ભારે ભીડ જોવા મળી, રામલલાના દરવાજા સમય પહેલા ખોલી દેવામાં આવ્યા



અયોધ્યા,

અયોધ્યા સ્થિત રામ મંદિરમાં ભારે ભીડને કારણે મંદિરમાં પ્રવેશ પર રોક લગાવી દેવામાં આવી છે. રામ મંદિરના પ્રવેશદ્વાર પર ભક્તોને રોકી દેવામાં આવ્યા હતા. અંદર ગર્ભગૃહમાં ભક્તોની ભારે ભીડને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા બાદ હવે અયોધ્યા ધામમાં પ્રભુ શ્રીરામના દર્શન કરનારાઓનો જાણે સૈલાબ આવી ગયો છે. અયોધ્યા પહોંચી રહેલા હજારો ભક્તો કોઈને કોઈ રીતે જલદી મંદિર પહોંચીને ભગવાન શ્રીરામના દર્શન કરવા માંગે છે. આજે સવારથી જ શ્રીરામ જન્મભૂમિ પર બનેલા મંદિરમાં રામલલ્લાના દર્શન માટે શ્રદ્ધાળુઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે.

રામ મંદિરના મુખ્ય દ્વાર બહાર મોડી રાતથી ભક્તોની લાંબી લાઈનો લાગવાની શરૂ થઈ ગઈ. ૨ વાગ્યાથી જ લોકો મોટી સંખ્યામાં ઉમટવા લાગ્યા. ભીડમાં રહેલા લોકો ગેટ સામે જય શ્રી રામના નારા લગાવીને મંદિરની અંદર દાખલ થઈ રહ્યા છે. દેશભરથી શ્રદ્ધાળુઓના ઉમટવાનો ક્રમ ચાલુ છે. આ સાથે જ અયોધ્યાના સ્થાનિકો પણ દર્શન અને પૂજા માટે રામ મંદિર પહોંચી રહ્યા છે. બધાની ઈચ્છા છે કે પ્રાણ પ્રતિષ્ઠા બાદ પહેલી સવારે તેઓ દર્શન કરે અને રામલલ્લાની પૂજા કરે.

મળતી માહિતી મુજબ ભક્તોની ભારી ભીડના પગલે અયોધ્યામાં હોટલ-લોજ ફૂલ થઈ ગયા છે. અનેક હોટલોએ રૂમના ભાડા વધારી દીધા છે. બે અઠવાડિયા પહેલેથી જ લોકોએ ૨૩ જાન્યુઆરી અને તેની આગળની તારીખો માટે ૮૦ ટકાથી વધુ રૂમ બુક કરી લીધા હતા. સોમવારે શ્રી રામલલાની નવી મૂર્તિના અભિષેક પ્રસંગે સમગ્ર દેશમાં ધાર્મિક ઉત્સવ અને ઉલ્લાસનો માહોલ જોવા મળ્યો હતો. આ સમય દરમિયાન, દેશના વિવિધ મંદિરોમાં ભક્તોને ભગવાન રામને સમર્પિત ગીતો અને વિશેષ ભજનો ગાતા સાંભળવામાં આવ્યા હતા અને વિશેષ પ્રાર્થનાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ સ્થળોએ ભંડારા અને રંગોળી જેવા કાર્યક્રમોમાં પણ લોકોએ ભાગ લીધો હતો.અયોધ્યા રામ મંદિરમાં રાઘવ સરકારના દર્શન કરવા આવેલા ભક્તોની કતાર તૂટવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. સ્થિતિ અફડાતફડી જેવી બની છે. આવી સ્થિતિમાં બારાબંકી પોલીસે અયોધ્યા તરફ જઈ રહેલા શ્રદ્ધાળુઓને થોડીવાર રોકાવાની વિનંતી કરી હતી. મંદિરમાં ભક્તોની ભીડને ટાંકીને પોલીસે તેમને થોડીવાર રાહ જોવા અને ચાલ્યા જવા કહ્યું છે. હવે અયોધ્યા પોલીસે જિલ્લાની સરહદે જ બહારથી આવતા શ્રદ્ધાળુઓને રોકી દીધા છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે અત્યાર સુધી અયોધ્યા આવેલા શ્રદ્ધાળુઓને દર્શન આપવામાં આવશે. આ પછી જ બહારથી આવતા ભક્તોને પ્રવેશ મળશે.

મામલાની ગંભીરતાને જોતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુખ્ય સચિવ (ગૃહ) સંજય પ્રસાદ અને ડીજી (કાયદો અને વ્યવસ્થા) પ્રશાંત કુમારને અયોધ્યા જવા કહ્યું છે.આ ભીડને જોતા મંદિર મેનેજમેન્ટે અયોધ્યાના દર્શન ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. આરતી વખતે પણ રામ લલ્લાએ નક્કી કર્યું છે. આ સાથે મંદિરમાં નાસભાગ ન થાય તે માટે પ્રવેશ અને બહાર નીકળવા માટે અલગ-અલગ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. આ ભીડને જોતા પોલીસે ઘણી જગ્યાએ રૂટ ડાયવર્ઝન પણ કર્યું છે.તમને જણાવી દઈએ કે સોમવારે જ રામ મંદિરનો અભિષેક થયો હતો. આ પછી મંગળવારે સવારે ૮ વાગ્યાથી વિધિપૂર્વક પૂજા કર્યા બાદ સામાન્ય ભક્તો માટે મંદિરના દરવાજા ખોલી દેવામાં આવ્યા છે.

અયોધ્યામાં ભીડને કાબૂમાં લેવા માટે રામલલાના દરવાજા સમય પહેલા ખોલી દેવામાં આવ્યા હતા. દર્શન એક કલાક વહેલા શરૂ થયા કારણ કે લાખો ભક્તો અયોધ્યામાં પહેલેથી જ હાજર હતા અને પોતાની આંખોથી રામ લલ્લાની ઝલક મેળવવા માટે ઉત્સુક હતા. આવી સ્થિતિમાં બેરીકેટ્સ ખુલતાની સાથે જ ભક્તો ભગવાનના દર્શન કરવા માટે આડેધડ દોડતા જોવા મળ્યા હતા. જો કે, હવે મંદિર પરિસરમાં મર્યાદિત અને નિયંત્રિત સંખ્યામાં લોકોને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.


આવી સ્થિતિમાં મંગળવારે સવારે મંદિરના દરવાજા ખુલતાની સાથે જ તમામ ભક્તો ભગવાનના દર્શન કરવા મંદિરે પહોંચી ગયા હતા. જેના કારણે સ્થિતિ નિયંત્રણ બહાર જવા લાગી હતી. અનેક જગ્યાએ ડિવાઈડર પણ તૂટી ગયા હતા. આ પછી લખનઉના ADG સુજીત પાંડે તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા છે. પોલીસના જણાવ્યા અનુસાર હાલ પરિસ્થિતિ કાબુમાં છે. હાલ ડીએમ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. આ ઉપરાંત મંદિર પરિસરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓ સાથે વધારાના પોલીસ દળો ઘટનાસ્થળે પહોંચ્યા બાદ સ્થિતિ કાબૂમાં આવી ગઈ છે. હનુમાન ગઢી જવાના માર્ગ પર સાવચેતીના પગલા તરીકે પોલીસે બંદોબસ્ત વધારી દીધો છે.

નોંધનીય છે કે રામ મંદિરની બહાર સવારે ૩ વાગ્યાથી જ ભક્તોની ભીડ એકઠી થવા લાગી હતી. સવારે ચાર વાગ્યે રામ લાલાની શૃંગાર આરતી શરૂ થઈ ત્યારે ૫ હજારથી વધુ ભક્તો મંદિરની બહાર પહોંચી ગયા હતા. આઠ વાગ્યે મંદિરના દરવાજા ખુલ્યા ત્યાં સુધીમાં એટલી ભીડ થઈ ગઈ હતી કે ભક્તોની ગણતરી કરવી મુશ્કેલ બની ગઈ હતી.

વેજલપુર તેમજ આપસારના સૌ ઈમીટિશન જ્વેલરીના શોખીનો માટે
ભવ્ય શો રૂમ મા અવનવી વેરાયટીનો ખજાનો જોવા તેમજ ખરીદવા માટે પધારો...

અરે પણ ઉભા રહો..... જશો ક્યાં...

ગોલ્ડ ફોર્મીંગ જ્વેલરી




ફેન્સી ઈમીટેશન જ્વેલરી વ્યજબી કિંમતે મળશે.

સંપર્ક : ૦૨૬૭૨-૨૯૯૧૯૯

અવનવી લેડીસ પાટલા, વીંટી, મંગળસુત્ર, બુટ્ટીઓ, સેટ, જેવી ફેન્સી આઈટમો તથા જેન્ટ્સ વીંટી, લક્કી, ફેન્સી પેન્ડલ, ચેઈન જેવી આઈટમો
અદ્યતન વેરાયટી જોવા આજે જ પધારો....
ફેશનની દુનિયામાં ગેરંટીની આશા છોડો

દુ.૧૦, રાજન સ્કવેર, પહેલો માળ, પોલીસ સ્ટેશન સામે, વેજલપુર, જી.પંચમહાલ

## EDએ ફરી ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને સમન્સ મોકલ્યુ



નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ફરી એકવાર ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને પૂછપરછ માટે બોલાવ્યા છે. ૨૦ જાન્યુઆરીએ મુખ્યમંત્રીની પ્રથમ રાઉન્ડની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. હવે ઈડીએ તેમને ૨૭-૩૧ જાન્યુઆરીની તારીખ આપી છે અને મુખ્યમંત્રી તેમની મરજી મુજબ તારીખ નક્કી કરી શકે છે. આ પહેલા સીએમને ૮ સમન્સ મોકલવામાં આવ્યા હતા પરંતુ ખુદ EDની ટીમ તેમની પૂછપરછ કરવા આવી હતી.

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની રાંચીના બગડઈ વિસ્તારની જમીન સંબંધિત દસ્તાવેજોમાં છેડછાડ અંગેની તપાસનું નિવેદન નોંધવા ઈડી ઓફિસરો મુખ્યમંત્રી આવાસે પહોંચ્યા છે. રાજ્યમાં કોઈ અનિચ્છનિય ઘટના ન બને તે માટે ઈડી ઓફિસથી લઈને અધિકારીઓની સુરક્ષાની પૂર્ણ તૈયારીઓ કરી લેવાઈ છે. ઈડી ઓફિસથી લઈને મુખ્યમંત્રી આવાસ સુધી બહાર સુરક્ષા વ્યવસ્થામાં ૯૦૦ પોલીસ અધિકારીઓ તૈનાત કરાયા છે. જણાવી દઈએ કે હેમંત સોરેને ઈડીના ૮મા સમન્સ પર પૂછપરછ માટે ૨૦ તારીખે બપોરે ૧૨ વાગ્યાનો સમય આપ્યો હતો.

જણાવી દઈએ કે ઈડી રાંચીના બડગઈ વિસ્તારની જમીન સાથે સંબંધિત સરકારી દસ્તાવેજોમાં છેડછાડ કરવાની ઘટનાની તપાસના સંબંધમાં હેમંત સોરેનનું નિવેદન નોંધવા માંગે છે. આ કેસમાં ઈડી આઈએએસ છવી રંજન સહિત દોઢ ડઝન લોકોની ધરપકડ કરી ચૂકી છે. હવે તે હેમંત સોરેનને આ ઘટનામાં તેમની ભૂમિકા અંગે ઘણા મુદ્દાઓ પર પૂછપરછ કરવા માંગે છે.

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને પત્ર મોકલીને તપાસ એજન્સી ઈડીના આઠમા સમન્સનો જવાબ આપ્યો હતો. મુખ્યમંત્રીએ ઈડીની ટીમને રાંચી બોલાવી છે. સુત્રો અનુસાર, મુખ્યમંત્રીએ પત્રના માધ્યમથી તપાસ એજન્સીને કહ્યું છે કે તમે ૨૦ જાન્યુઆરીએ મુખ્યમંત્રી હાઉસ આવીને પૂછપરછ કરી લો. ઈડીએ ૧૩ જાન્યુઆરીએ હેમંત સોરેનને લખેલા પત્રમાં કહ્યું હતું કે જો ૧૬થી ૨૦ જાન્યુઆરી વચ્ચે તે એજન્સી સામે હાજર નથી થતા તો તેમણે તેમની પાસે આવવું પડશે. ઈઢએ કહ્યું છે કે આવી સ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાને લઈને પડકારો ઉભા થઈ શકે છે. આ તમારી જવાબદારી રહેશે અને તેથી તમારે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રાજ્યના મુખ્ય સચિવ અને ડીજીપીને યોગ્ય સૂચના આપવી જોઈએ.

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને ઈડી આઠ વખત સમન્સ પાઠવી ચુક્યુ છે. મંત સોરેનને ઈઢએ પ્રથમ વખત ૧૪ ઓગસ્ટ ૨૦૨૩માં હાજર થવા માટે સમન્સ મોકલ્યું હતું. તે બાદ ૨૪ ઓગસ્ટ, ૯ સપ્ટેમ્બર, ૨૩ સપ્ટેમ્બર, ૪ ઓક્ટોબર, ૧૨ ડિસેમ્બર અને ૩૦ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે હાજર થવા માટે સમન્સ મોકલવામાં આવ્યું હતું. ઈડીનું કહેવું છે કે વારંવાર મોકલવામાં આવી રહેલા સમન્સ છતાં હેમંત સોરેન હાજર ના થતા તપાસમાં અવરોધ ઉભો થઈ રહ્યો છે.

## અસમના મુખ્યમંત્રીએ રાહુલ ગાંધી વિરુદ્ધ FIR દાખલ કરવાનો આદેશ આપ્યો

ગોવાહાટી,

રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા હાલ અસમમાં છે. મંગળવારે ગુવાહાટીમાં કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. એવું કહેવાય છે કે રાહુલ ગાધી શહેરમાં યાત્રાની મંજૂરી માંગી રહ્યા હતા પરંતુ મંજૂરી ન મળતા કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ખુબ ઘર્ષણ થયું.

પોલીસ પ્રશાસનનું કહેવું છે કે શહેરમાં યાત્રાને મંજૂરી નથી જ્યારે રાહુલ ગાંધીની યાત્રા શહેરની અંદરની બાજુ આગળ વધી રહી હતી. આ કારણે પછી પોલીસે બેરિકેડ્સ લગાવી દીધા હતા અને આ દરમિયાન કોંગ્રેસ નેતાની બસ સાથે ચાલી રહેલા લોકોની પોલસકર્મીઓ સાથે ઝડપ થઈ. કોંગ્રેસ કાર્યકરો બેરિકેડ તોડવાની કોશિશ કરી રહ્યા હતા જ્યારે રાહુલ ગાંધી દૂરથી જોઈ રહ્યા હતા. પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણની ઘટના પર બોલતા રાહુલ ગાંધીએ કહ્યું કે બજરંગ દળ અને જેપી નડ્ડાજીની રેલીઓ આ માર્ગે થઈ હતી. પરંતુ તેઓ અમને રોકી રહ્યા છે. અમારા કોંગ્રેસના કાર્યકરો મજબૂત છે, અમે બેરિકેડ તોડ્યા છે, પરંતુ અમે કાયદો તોડીશું નહીં.

બીજી બાજુ આ મામલે અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ડીજીપી સાથે વાત કરીને રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ દાખલ કરવાના નિર્દેશ આપ્યા છે. તેમણે કહ્યું કે આ અસમિયા સંસ્કૃતિનો ભાગ નથી. અમે એક શાંતિપૂર્ણ રાજ્ય છીએ, આવી નકસલી રણનીતિ અમારી સંસ્કૃતિથી સંપૂર્ણ અલગ છે. તેમણે વધુમાં કહ્યું કે મે ડીજીપી અસમ પોલીસને ભીડને ઉકસાવવા બદલ તમારા નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ મામલો દાખલ કરવા અને તમારા દ્વારા તમારા હેન્ડલ પર પોસ્ટ કરાયેલા ફૂટેજને પુરાવા રીતે ઉપયોગમાં લેવાનો નિર્દેશ આપ્યો છે. તમારા અનિયંત્રિત વ્યવહાર અને સહમત દિશા નિર્દેશોના ભંગના પરિણામ સ્વરૂપે હવે ગુવાહાટીમાં મોટા પાયે ટ્રાફિક જામ થઈ ગયો છે. રાહુલ ગાંધી પર કેસ દાખલ કરવાના નિર્દેશો પર ડીજીપીએ સીએમને જવાબ આપતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કહ્યું કે સર કાયદા મુજબ કાર્યવાહી થઈ રહી છે. બળપૂર્વક રૂટ બદલવા, હિંસા કરવા અને એએસએલના નિર્ણયનો ભંગ કકરવાના મામલાને પણ એજન્સીઓ સામે ઉઠાવવામાં આવ્યો છે.

## ગુજરાતમાં આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહી થાય

અમદાવાદ,

હવામાન વિભાગ દ્વારા જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ દરમ્યાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો ન હતો. તેમજ ગુજરાતમાં બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થઈ શકે છે. તેમજ અમદાવાદ સહિત રાજ્યના અમુક વિસ્તારોમાં આકાશ સ્વચ્છ રહેવાની શક્યતા છે. જ્યારે તાપમાનનો પારો ૧૩ ડિગ્રી સુધી રહેવાની શક્યતા છે. આ બાબતે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ આગાહી કરી હતી કે, હાલ શિયાળાની ૭૦ ટકા સીઝન પૂર્ણ થઈ ગઈ છે. શિયાળાની સીઝન દરમ્યાન બે થી ત્રણ રાઉન્ડ સારા હતા. આ વર્ષે અલનીનોને કારણે ઠંડી ખૂબ જ ઓછી રહેવા પામી હતી. તેમજ વધુમાં પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ૨૮ ફેબ્રુઆરીથી શિયાળો વિદાય લેતો હોય છે. અને માર્ચ મહિનાથી ધીમે ધીમે ઉનાળો શરૂ થતો હોય છે. ત્યારે આ વર્ષે ૨૦૨૩-૨૪ માં શિયાળો ૧૫ ફેબ્રુઆરી પછી વિદાય લઈ શકે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. માર્ચ મહિનાથી તાપમાન વધતું હોય છે. તેમ ૧૫ ફેબ્રુઆરીથી તાપમાનનો પારો વધવાની શક્યતા છે.

## ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર ૩.૦૯ કરોડ રૂપિયાના સોનાના બિસ્કિટ જપ્ત, એક વ્યક્તિની ધરપકડ



કોલકતા,

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાંથી ૩.૦૯ કરોડ રૂપિયાની કિંમતના સોનાના ઈંગોટ્સ અને બિસ્કિટ જપ્ત કરવામાં આવ્યા છે. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ પણ કરવામાં આવી છે. BSFના જવાનોએ અંગ્રેલ સરહદના હલદરપારા ખાતેથી બે સોનાના ઈંગોટ્સ અને ૩૦ બિસ્કિટ જપ્ત કર્યા હતા, જેનું વજન ૪.૮૨ કિગ્રા હોવાનું કહેવાય છે. ફરજ પરના બીએસએફના જવાનોએ ઈચ્છામતી નદી પર ત્રણ લોકોને જોયા, જેઓ બાંગ્લાદેશ સરહદેથી ભારત તરફ આવી રહ્યા હતા. બીએસએફના જવાનોએ ત્રણેયનો પીછો કર્યો હતો. તેમાંથી બે ભાગવામાં સફળ રહ્યા હતા, પરંતુ એક પકડાઈ ગયો હતો.

આરોપીની ઓળખ પ્રોસેનજીત મંડલ તરીકે થઈ છે. તેણે કહ્યું કે તેને નદી પાર કરીને ભારત લાવવા માટે ૫૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા. જ્યારે તે બાંગ્લાદેશ તરફ ગયો ત્યારે ત્યાં એક વ્યક્તિ તેની રાહ જોઈ રહ્યો હતો. આરોપીએ તેની પાસેથી સોનીના બાર અને બિસ્કિટ લીધા અને ભારત તરફ પાછા આવવા લાગ્યા. દરમિયાન બીએસએફના જવાનોએ તેને પકડી લીધો હતો.

## સુરતની ભાંડુત ગ્રામ પંચાયતના તલાટી લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપાયા

સુરત,

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ભાંડુત ગ્રામ પંચાયતના તલાટીએ મકાનનાવેરા બિલમાં નામ ટ્રાન્સફર કરવાના અવેજ પેટે લાંચની માંગણી કરતા ACB એ છટકુ ગીઠવી લાંચિયા તલાટીને રંગેહાથ ઝડપી લીધા છે. તલાટી સામે લાંચ રુશ્વત ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ભાડુંત ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હિતેન્દ્ર સિંહ દોલતસિંહ પરમારે ભાડુત ગામે વેચાણથી રાખી જમીન રાખનાર ખાતેદાર પાસે લાંચ માંગી હતી. જમીનમાં આવેલ મકાનના વેરા બિલમાં નામ ટ્રાન્સફર કરવાના અવેજ પેટે ગ્રામ પંચાયતના તલાટી હિતેન્દ્ર સિંહએ ૧૧,૦૦૦ રૂપિયાની લાંચ માંગી હતી. બન્ને પક્ષ વચ્ચે લાંબી રકઝક બાદ આખરે ૪૦૦૦ રૂપિયા નક્કી થયા હતા. આ અંગે જમીન માલિકે સુરત જિલ્લા એલસીબીનો સંપર્ક કર્યો હતો એલસીબીએ તુરત છટકુ ગોઠવી તલાટી કમ મંત્રી હિતેન્દ્ર સિંહને ૪૦૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો.

## ભારતની ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમને વિશ્વની સૌથી આધુનિક ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ બનાવવાનો મક્કમ નિર્ધાર : કેન્દ્રીય ગૃહ મંત્રી



ગાંધીનગર,

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક દેશ ભારતમાં ગુનાઓના નિયંત્રણ અને ડિટેક્શન માટે ભારતની ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમને ટેકનોલોજીના માધ્યમ દ્વારા વિશ્વની સૌથી આધુનિક ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ બનાવવાનો મક્કમ નિર્ધાર અમે કર્યો છે. જે આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

આજે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સનો ત્રિદિવસીય કોન્ફરન્સનો શુભારંભ કરાવતા મંત્રી શાહે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં વિવિધ ક્ષેત્રોએ ૫૦થી વધુ પરિવર્તનકારી નિર્ણયો કર્યા છે. તેમણે કહ્યું કે, ભારતીય ક્રિમીનલ જસ્ટીસ હવે નવા યુગમાં પ્રવેશી છે. બ્રિટિશ કાળના ૧૫૦ વર્ષ જૂના આઈ.પી.સી., સી.આર.પી.સી. અને પુરાવા અધિનિયમના સ્થાને નવા કાયદા અમલી બનાવ્યા છે. જે આગામી સમયમાં ગુનેગારોને ગુનો કરતાં તો રોકશે જ, તેની સાથોસાથ સજામાં પણ વધારો કરશે. એટલુ જ નહિ, ફોરેન્સિકના માધ્યમ દ્વારા ગુનાની તપાસમાં પણ વધુ ઝડપ આવશે અને કન્વીકશન રેટમાં નોંધપાત્ર વધારો થશે.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી- NFSU ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે આજે સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ અને બિહેવિયરલ ફોરેન્સિક્સ વિષયક ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી શાહ દ્વારા પાંચમું ઈન્ટરનેશનલ અને ૪૪મા ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સ એન્ડ સ્ટેટ-ઓફ -ધ-આર્ટ સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ'નો શુભારંભ પણ કરાયો હતો.

કેન્દ્રીય મંત્રી શાહે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકારે નવી શિક્ષણનીતિ અમલી બનાવી છે. જે પૂર્ણ રીતે ભારતીય શિક્ષણ વ્યવસ્થાના આધાર પર વૈશ્વિક સ્તરની બની છે. ગુનાઓના સંશોધનો–તપાસમાં ફોરેન્સિક સાયન્સનો વ્યાપ વધારવાનો અમે ઐતિહાસિક નિર્ણય કર્યો છે અને ફોરેન્સિક તપાસને ગુનાની તપાસનો એક ભાગ બનાવ્યો છે. જેના પરિણામે આગામી સમયમાં વ્યાપક રોજગારીનું નિર્માણ થશે. આગામી પાંચ વર્ષ પછી પ્રતિ વર્ષ ૯૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે રોજગારી મળતી થશે.

તેમણે ઉમેર્યુ કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી જેને વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપીને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી બનાવી એ આજે વટવૃક્ષ બની છે. દેશમાં હાલ નવ જગ્યાએ અને એક યુગાન્ડા ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના કેન્દ્રો કાર્યરત છે અને આગામી સમયમાં ૯ રાજ્યોમાં નવા કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.

ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, આઝાદીના અમૃતકાળમાં આ ક્ષેત્રે ટેકનોલોજીયુક્ત આધુનિક પોલીસિંગ, ટેકનોલોજીનો ઉપયોગ હાઈબ્રીડ અને મલ્ટી ડાયમેન્શનલ થ્રેટ તેમજ ક્રિમિનલ જસ્ટિસને વિશ્વની આધુનિક વ્યવસ્થા બનાવવી આમ ચાર પડકારો આપણી સામે છે. સૌને ઝડપી ન્યાય મળે તે અતિ આવશ્યક છે. તેના માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો પડશે. પૂ. કનૈયાલાલ મુનશી કહેતા હતા કે, પોલીસે ગુનેગારથી બે પગલાં આગળ ચાલવું પડશે પણ અત્યારે આપણે ગુનેગારોથી બે જનરેશન આગળ રહેવું પડશે તો જ ગુના અટકાવી શકાશે. ટેકનોલોજીના ઉપયોગથી દરેક વ્યક્તિ દેશને મદદરૂપ થઈ શકે તેવુ તેમણે ઉમેર્યુ હતું. મંત્રીએ કહ્યું હતુ કે અંગ્રેજો વખતના ૧૫૦ વર્ષ આઈ.પી.સી. સી.આર.પી.સી અને તે વખતના પુરાવા અધિનિયમ કાયદાઓ બદલીને આપણે નાગરિકોને દંડ નહીં પણ ન્યાય અપાવવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય પુરાવા બિલ એમ ત્રણ નવા કાયદા અમલી બનાવ્યા છે.

આ કાયદામાં સૌથી પહેલા મહિલાઓ અને બાળકોના સામે થતાં અપરાધ અટકાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ત્રણ કાયદામાં ૧૦૦ વર્ષમાં આવનાર ટેકનોલોજીને ધ્યાને લઈને તેમાં ફેરફાર કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી ન્યાય પ્રણાલી વધુ મજબૂત બનશે અને ત્રણ વર્ષમાં પડતર એફઆઈઆરનો ઉકેલ આવશે. અત્યારે ઈ-ગવાહીના પરિણામે તેઓના ઉકેલ લાવવામાં ખૂબ ઝડપ આવી છે. આ ત્રણ કાયદામાં ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થવાનો છે જેનો અભ્યાસ તમને આ ક્ષેત્રે ભરપૂર નવીન તકો ઉપલબ્ધ કરાવશે. આ ઉપરાંત એ.આઈ.ની મદદથી ડેટા ઈન્ટિગ્રેશન પણ કરવામાં આવી રહ્યું છે. વર્તમાનમાં દેશમાં અંદાજે આઠ કરોડ એફઆઈઆર ઓનલાઈન નોંધાઈ છે.પર્વતીય વિસ્તારના સ્થાનને બાદ કરતાં તમામ પોલીસ સ્ટેશન ઓનલાઈન જોડવામાં આવ્યા છે. ગુનેગારો, બાળ તસ્કરો, આતંકવાદી સંગઠનોના ડેટાને ઓનલાઈન કરવામાં આવ્યા છે. આ માટે એક સોફ્ટવેર તૈયાર કરીને એઆઈની મદદથી તમામ ડેટાનું એનાલીસીસ કરવામાં આવશે. આ વ્યવસ્થા આગામી ત્રણ વર્ષમાં કાર્યરત કરવાનું આયોજન છે. આ વન ડેટા વન એન્ટ્રીના સિદ્ધાંત પર કામ કરવા નવા સોફ્ટવેર તૈયાર કરવા પડશે.જેમાં એનએફએસયુના વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા મહત્વની રહેશે.તેમણે વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ ક્ષેત્રે ભારતને નંબર-૧ના સ્થાને લઈ જવાનો નિર્ધાર કર્યો છે. તેમાં એનએફએસયુને પણ નંબર-૧ની વૈશ્વિક સંસ્થા બનાવવા સૌ વિદ્યાર્થીઓને અનુરોધ કરીને વધુને વધુ સંશોધન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.તેમણે ઉમેર્યુ કે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભારતની આંતરિક સુરક્ષાને સાયબર સિકયુરીટીના માધ્યમ દ્વારા ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી દેશને સશકત સુરક્ષા આપી છે જેનુ ઉત્તમ ઉદાહરણ રામમંદિરના ઉદઘાટન સમયે કોઈ અનિચ્છનીય ઘટના ઘટી નથી.

## TDO, મામલતદાર, RFO, નેતાઓ સહિતના અધિકારીઓને જગ્યા માટે લેટરો લખ્યા

# સંજેલીમાં ગંદકી દૂર કરવામાં પણ ખાઈકીનો ખેલ ખેલાઈ રહ્યો હોય તેવા આક્ષેપો

- ગંદકીના ઢગલાને દૂર કરવા પુરઝડપે ચાલુ કરેલી કામગિરી અધુરી છોડી દેવાઈ?
- ગંદકીના ઢગલા ને લઈ વારંવાર રજૂઆત કરી આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી, છતાં પણ જવાબદાર અધિકારી તંત્ર દ્વારા આંખ આડા કાન.
- સંજેલીમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ હોવાને લઈ ગંદકીના ઢગલાંની સફાઈની કામગીરી અધુરી.

દાહોદ,

૨૬મી જાન્યુઆરી જિલ્લાકક્ષાનો કાર્યક્રમ હોવાને લઈ સંજેલી માંડલી રોડ નવીન બસ સ્ટેન્ડ બાજુમાં આવેલો ગંદકીનો ઢગલો સાફ-સફાઈની કામગીરી પૂર ઝડપે ચાલતી કામગિરી બંધ જગ્યા ન હોવાના કારણે ગંદકીનો ઢગલાની અધુરી કામગીરી છોડી દેવાઈ. ગંદકીનો ઢગલો દૂર કરવા માટે જગ્યા માટે સંજેલી તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, વન વિભાગ અધિકારી સહિત નેતાઓને પણ જગ્યા ફાળવવા માટે સરપંચ દ્વારા લેટરો લખાયા પણ અધિકારીઓ દ્વારા જગ્યા ફાળવવામાં આવી નથી. જગ્યા ન હોવાના કારણે ડોર ટુ ડોર કલેક્શનનો ઢગલાંની કામગીરી અધૂરી છોડી દેવામાં આવી છે. સંજેલી નગરમાં ૩૦ વર્ષથી ઢોર ટુ ડોરનો કચરો બસ સ્ટેન્ડની બાજુમાં ઢગલો કરવામાં આવે છે અને સંજેલી પંચાયતની જગ્યા હતી.




તે જગ્યા એસટી ડેપોને ફાળવી દેવામાં આવી છે અને અન્ય જગ્યા માટે લેટરો પણ લખ્યા છે, છતાં હજી જગ્યા ફાળવવામાં આવી નથી. જગ્યા ફાળવવામાં આવશે તો આ કચરા નો નિકાલ થશે.

સંજેલીમાં સ્વચ્છતા અભિયાનના ધજાગરાં સંજેલી ગ્રામ પંચાયત દ્વારા નગરમાં ઠેર ઠેર ઢોર ટુ ડોર કલેક્શન કરી અને કચરો સંજેલી થી ગોધરા તરફ જવાના મુખ્ય માર્ગ તાલુકાનું પ્રખ્યાત મંદિર અને હાઈસ્કુલ તરફ જવાના માર્ગ પર બસ સ્ટેશન ગેટ પાસે જ કચરો ઠાલવવામાં આવે છે. જેના કારણે આવતા જતા મુસાફરોને રાહદારીઓ તેમજ મંદિરે જતા અને શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ દુર્ગંધને કારણે સ્વાસ્થ્યને નુકસાન થવાની ભીતીને લઈને જાગૃત નાગરિકો તેમજ શાળાના આચાર્યો અને વિદ્યાર્થીઓ દ્વારા તાલુકાના અધિકારીને વારંવાર લેખિત રજૂઆત કરવા છતાં પણ આ બાબતે યોગ્ય ધ્યાન આપવામાં આવતુ નથી. ચોમાસાની અંદર અનેક વખત આ કચરો રોડ પર જ આવી જતા રાહદારીઓને તેમજ વાહન ચાલકોને પસાર થવું મુશ્કેલ બન્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છ અભિયાન અંતર્ગત લાખો કરોડો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે, તેમજ તાલુકા જિલ્લાના અધિકારીને સ્વચ્છ અભિયાન હેઠળ દેખરેખ તેમજ વિવિધ કામગીરી પણ સોંપવામાં આવી રહી છે, છતાં આ ગંદકીનો ઢગલો દૂર કરવામાં આવતો નથી. આ મુખ્ય માર્ગ હોવાથી તાલુકાના અધિકારી અવારનવાર પસાર થતા હોય છે. તેમ છતાં અધિકારી કોઈ નક્કર કામગીરી કરાવવામાં આવતી નથી. વડાપ્રધાન દ્વારા જિલ્લાઓ અને તાલુકામાં સ્માર્ટ વિલેજ તેમજ સ્માર્ટ સિટી અંતર્ગત સ્વચ્છ અભિયાનને આગળ લાવવા માટે સ્માર્ટ સિટી અને વિલેજની કામગીરી ગુજરાતમાં પણ શરૂ કરી દીધી છે, પરંતુ સંજેલીમાં તંત્રની નિષ્કાળજી તાલુકાના અધિકારીની રહેમ નજર હેઠળ માત્ર કાગળ પર જ સાફ-સફાઈ ના સ્વચ્છ અભિયાનના નાણાનો કાગળ પૂરજ ઉપયોગ થતો હોવાની પણ ચારે કોર ચર્ચાએ જોર પકડ્યું છે.

સંજેલી નગરમાં ૩૦ વર્ષથી ડોર ટુ ડોરનો કચરો બસ સ્ટેન્ડની બાજુમાં ઢગલો કરવામાં આવે છે. પંચાયતની જગ્યા હતી. તે એસટી ડેપોને ફાળવી દેવામાં આવી છે, કચરો નાખવાની મારી પાસે બીજી કોઈ જગ્યા નથી. TDO, મામલતદાર, વન વિભાગ RFO, નેતાઓ સહિતના અધિકારીઓને જગ્યા માટે લેટરો લખ્યા છતાં મને જગ્યા ફાળવી આપવામાં આવી નથી. સંજેલીમાં દરરોજ ૧૦ જેટલા ટ્રેક્ટરનો કચરો નીકળે છે. આ કચરો ક્યાં લઈ જવાનો મને જગ્યા ફાળવી આપો તો આ કચરાનો નિકાલ થશે.

જિલ્લાકક્ષાનો સંજેલી ખાતે પ્રોગ્રામ છે. નવીન બસ સ્ટેશનની બાજુમાં ડોર ટુ ડોર કચરાનો ઢગલો સાફ કરાવવા માટે ૨૫ લાખ જેટલી રકમ ફરવામાં આવી છે. આ ગંદકીનો ઢગલો ઉઠાવાની કામગીરી અધુરી છોડી દેવાઈ છે. આ કચરાનો ઢગ સંપૂર્ણપણે હટાવવામાં આવે તેમજ બજારની અંદરમાં પણ ગટરો સહિત વિવિધ જગ્યાઓ પર કચરાનો ઢગ જોવા મળી રહીયો છે. તે યોગ્ય રીતે સફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## માનસિક અસ્વસ્થ મહિલા બબીતાબેનનો ૩ વર્ષ બાદ પરિવાર સાથે થયો મિલાપ

દાહોદ,

ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે વિના મૂલ્યે હિંસાથી અસરગ્રસ્ત બહેનો, વિખૂટી પડેલ બહેનો તેમજ યુવતીઓને તમામ પ્રકારની સેવા સહિત સારવાર હેઠળ રાખવામાં આવે છે. જ્યાં તેમને સતત પ્રયત્નોથી તેઓના પરિવાર સાથે સંપર્ક કરી તેમને તેઓના પરિવારને સોંપી દેવામાં આવે છે.

દાહોદ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ઘણી બહેનોને મદદ કરીને તેમને પરિવારને પરત કરવામાં આવે છે. અહીં સેન્ટર દ્વારા અનેક માનસિક રીતે અસ્વસ્થ બહેનોનું સારવાર સહિત પરિવાર સાથે મિલન કરાવવામાં સખી વન સ્ટોપ સેન્ટર સફળ રહ્યું છે.

અહીં વાત કરીએ બિહારની એક એવી બહેનની કે જે ૩ વર્ષ પહેલાં લગ્ન થયા બાદ તે પોતાના પુત્રના મૃત્યુ બાદ માનસિક રીતે અસ્વસ્થ થઈ ગઈ હતી. દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે પોતાના પરિવારથી અલગ ભૂલથી ઉતરી ગઈ હતી. તેમજ માનસિક રીતે અસ્વસ્થ મહિલા મળી આવતાં તેની સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ દાહોદ રેલ્વે પોલીસ તેનો ભાષાકીય સંપર્ક કરી શકવામાં અસમંજસમાં પડી હતી. કેમકે તેની ભાષા ભોજપુરી હતી. તેથી તે બહેનની સુરક્ષા હેતુ ૧૮૧ મહિલા અભ્યમ ટીમનો સંપર્ક કરી તેમને સોંપવામાં આવી હતી. ત્યારબાદ મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રી માધવી ચૌહાણના યોગ્ય માર્ગદર્શન હેઠળ તેમજ સિવિલ જજ દાહોદના એ.આર.ધોરી મારફત કાનૂની સેવા સત્તા મંડળ દાહોદ કક્ષાની મોનીટરીંગ કમિટીના સભ્યો, ડીસ્ટ્રીકટ પ્રોટેકશન ઓફિસર પી.આર.પટેલ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરની આકસ્મિક મુલાકાત દરમ્યાન બબીતાબેનની આપવીતી સાંભળી તેઓ તેમના પરિવારને જેમ બને એમ જલ્દી મળી રહે તે માટેના પ્રયત્નો કરવા જણાવાયું હતું.




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

બબીતાબેનના સતત કાઉન્સેલિંગ કર્યા બાદ બિહારના સખી વન સ્ટોપ સેન્ટરનો તેઓ સંપર્ક કરી શક્યા હતા. સતત લાંબો સમય સુધી પરિવારથી અલગ આ બહેનને પરિવારના હૂફ, લાગણી અને સાંત્વનાની જરૂર હતી જેને પરત મેળવવામાં સખી વન સ્ટોપ સેન્ટરના સતત પ્રયત્નશીલ પ્રયાસોથી સફળ નીવડ્યા હતા. સખી વન સ્ટોપ સેન્ટરના સતત પ્રયત્નો થકી વર્ષો બાદ પોતાની વિખૂટી દિકરી પરિવારજનોને મળતાં સખી વન સ્ટોપ સેન્ટરના તેમજ ત્યાંના કર્મચારીઓની પરિવારજનોએ આભાર સહ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ સંસ્થાના ઘણા પ્રયત્નો બાદ તેના ઘર-પરિવાર સાથે સંપર્ક કરવામાં સફળતા મળી હતી. આ પરિવારના વાલીઓ જ્યારે સંસ્થા ખાતે બબિતાબેનને લેવા માટે આવ્યા ત્યારે ભાવુક દ્રષ્યો સર્જાયા હતા. ત્યારે સંસ્થાના કર્મીઓની આંખો પણ લાગણી ભીની થઇ ગઇ હતી.

## આંતરરાજ્ય અને રાજ્યમાં ઘરફોડ ચોરીના મુખ્ય વોન્ટેડ આરોપીને LCB પોલીસે ઝડપ્યો

દાહોદ,

રાજ્ય તથા આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરતી ગેંગના મુખ્ય આરોપી જે ઘણા લાંબા સમયથી નાસતો ફરતો હોય જેના ઉપર રૂા.૧૦,૦૦૦નું ઈનામ જાહેર કરેલ હોય તે સહિત પાંચ આરોપીઓને દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી રાજ્ય તથા આંતરરાજ્ય ઘરફોડ ચોરીના કુલ ૧૦૪ અનડીટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરી પકડોલ આરોપી પાસેથી ઘરફોડ ચોરીમાં ગયેલ સોના-ટાંદીના દાગીના જેની કુલ કિંમત રૂા.૫,૬૨,૦૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં પ્રોહીની પ્રવૃતિઓને અટકાવવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા, અસામાજીક તત્વોને ઝડપી પાડવા સહિતના વિવિધ ગુન્હાઓમાં સંડાવાયેલ આરોપીઓને પકડી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ વાહન ચાલકોની સઘન તપાસ હાથ ધરી રહી હતી. તે સમયે ત્રણ ખાનગી ક્રુઝર તથા ગુફાન વાહનોમાં બેસી પસાર થઈ રહેલા પેસેન્જરોની પોલીસે એકપછી એક પુછપરછ કરતાં જે પેસેન્જર પૈકી કાળુભાઈ ઉર્ફે કાળીયો પારસીંગભાઈ ખીમાભાઈ બિલવાળ (રહે. કણજેર, માળ ફળિયું, તા.ધાનપુર, જી.દાહોદ), શંકરભાઈ મલસીંગભાઈ દહમા (રહે. કાલીયાવડ, ખોબરા ફળિયું, તા. ધાનપુર, જી.દાહોદ), કાળુભાઈ ઉર્ફે કાણીયો જોરસીંગભાઈ રાઠોડ (રહે. કાલીયાવડ, ખોબરા ફળિયું, તા.ધાનપુર, જી.દાહોદ), પરસુભાઈ ભીલાભાઈ બીલવાળ (રહે. કણજેર, માળ ફળિયું, તા.ધાનપુર, જી.દાહોદ) અને પરથી ઉર્ફે પ્રતિક કલાભાઈ બીલવાળ (રહે. કણજેર, માળ ફળિયું, તા.ધાનપુર, જી.દાહોદ) નાઓની પોલીસે પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં ત્યારે પોલીસે તેઓની અંગત ઝડતી તથા તેમની પાસે રહેલ માલસામાનની તલાસી લેતાં પોલીસે ઉપરોક્ત ઝડપાયેલ ઈસમો પાસેથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂા.૫,૬૨,૦૮૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ બાદ પોલીસે તેઓને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો જેમાં ઉપરોક્ત ઝડપાયેલ ઈસમો દ્વારા મોરબી, દાહોદ, રાજસ્થાન, મહિસાગર, છોટાઉદેપુર, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ જીલ્લો, વડોદરા ગ્રામ્ય, વડોદરા જીલ્લા, પંચમહાલ, સાંબરકકાંઠા, રાજકોટ શહેર, વલસાડ, મધ્યપ્રદેશ, ગાંધીનગર, આણંદ વિગેરે રાજ્યો તેમજ જીલ્લાઓમાં ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. દાહોદ એલ.સી.બી. પોલીસે ઉપરોકત પાંચેય ઈસમોની અટકાયત કરી તમામને જેલના સળીયા પાછળ ધકેલી દઈ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## દાહોદ લોકસભાની ચુંટણીને લઈને દાહોદ લોકસભા મધ્યસ્થી ચુંટણી કાર્યલાયનો શુભારંભ


દાહોદ,

ગુજરાતની ૨૬ સીટો પર ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જે.પી. નડ્ડા દ્વારા આજરોજ ગાંધીનગર ખાતેથી વર્ચુઅલી લોકસભા ચુંટણીના કાર્યાલયનું ગુજરાતના મુખ્યમંત્રી અને સીઆર પાટીલના અધ્યક્ષસ્થાને પાર્ટી કાર્યાલયોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આજરોજ દાહોદ ખાતે પણ દાહોદ લોકસભા માટે મધ્યસ્થી ચુંટણી કાર્યાલયનું વિજયી મુહુર્તમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે લોકસભા ચુંટણીના પ્રભારી રામસીંગભાઈ રાઠવા, દાહોદ જીલ્લાના પ્રભારી મંત્રી કુબેરભાઈ ડિંડોર, મંત્રી કૈલાશબેન પરમાર, દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર, જીલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલાયીર, જીલ્લા પંચાયત પ્રમુખ પર્વતભાઈ ડામોર, મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, દાહોદની તમામ સીટોના ધારાસભ્યો લોકસભા સીટના મીડીયાના પ્રભારી તરૂણભાઈ બારોટ, સહ પ્રભારી વિપુલભાઈ ઠાકોર સહિત અન્ય મહાનુભવો આ પ્રસંગે જોડાયા હતાં. શ્રીરામ પાર્ટી પ્લોટ ખાતે વાજતે ગાજતે મહાનુભવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાનુભવોનું સ્વાગત કરી દિપ પ્રાગટ્યથી કાર્યક્રમ ખુલ્લો



મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભવોએ જય શ્રી રામના નારા સાથે સભા સંબોધી આવનાર સમયમાં દાહોદની લોકસભા સીટ પાંચ લાખ કરતાં પણ વધુ વોટોથી જીતાડવાનું આહ્વાન કર્યુ હતું. ભાજપના કાર્યકરો ઘરે ઘર જઈ ગુજરાત તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ આમ જન સુધી પહોંચાડે, સરકારની વિકાસ ગાથા લોકો સમક્ષ રજુ કરે, દેશના વડા પ્રધાન મોદી ના હસ્તે ગતરોજ થયેલ ભગવાન શ્રીરામજીના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને ઉત્સાહભેર કાર્યકરો લોકસભા ચુંટણીમાં જોડાયા તેમ માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. દાહોદ સહિત ગુજરાતની ૨૬ એ ૨૬ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાય તે માટે મંચ પર ઉપસ્થિત પ્રભારીઓ અને પ્રદેશ નેતૃત્વએ હુંકાર ભર્યો હતો. સભા સંબોધન બાદ મધ્યસ્થી કાર્યાલયનું વિજયી મુહુર્તમાં શુભારંભ રીબીન કાપી દીપ પ્રગટાવી ને કરવામાં આવ્યો હતો.

## નેશનલ સાયન્સ ટીચર્સ વર્કશોપ ફરીદાબાદ (હરિયાણા)માં ભાગ લીધો



દાહોદ,

ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ ૨૦૨૩ નું આયોજન ૧૭ થી ૨૦ જાન્યુઆરી ફરીદાબાદ હરિયાણા ડીટીબી, થસ્તી આરસીબી કેમ્પસ માં કરવામાં આવ્યું આ ફેસ્ટિવલનું ઉદઘાટન કેન્દ્રીય મંત્રી ડોજીતેન્દ્રકુમાર સિંગ મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા કરવામાં આવ્યું ત્યારે સમાપન સમારોહ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યું હતું. જેમાં સ્ટુડન્ટ સાયન્સ વિલેજ, વૈજ્ઞાનિકા, વુમન સાયન્ટિસ્ટ એન્ડ ઈન્ટરપ્રપ્રૂનર્સ કોનક્લેવ, સાયન્સ ગેમ એન્ડ ટોય, સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટિવલ, સ્પેસ હેકાથોન, યંગ સાઈન્ટીસ્ટ કોન્ફરન્સ, કલ્ચરલ ઈવેન્ટ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એજ્યુકેશન ફોર એસ્પાયરીંગ ઈન્ડિયા-નેશનલ સાયન્સ ટીચર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ અનાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કુલ અને એસ.એમ. કુદાવાલા હાયર સેકન્ડરી સ્કુલના ઉચ્ચ માધ્યમિક શિક્ષક તેમજ વિજ્ઞાન ગુર્જરીના જીલ્લા કોર્ડીનેટર કમલેશ ડી લીમ્બાચીયાએ દાહોદ જીલ્લા માંથી એકમાત્ર શિક્ષકે ભાગ લીધો હતો. સમગ્ર દેશમાંથી ૪૫૦ થી વધુ સાયન્સ ટીચર આ વર્કશોપમાં ભાગ લીધો હતો જેમાં વિજ્ઞાન ગુર્જરીના અમદાવાદથી પારસ ઉચાટ, હિરેન રાજયગુરૂ, રિટાયર્ડ શિક્ષક જોન કોર્ડીનેટર પંકજભાઈ દરજી ભાગ લીધો હતો. જેમાં કીટ અને પ્રમાણપત્ર સન્માનિત કર્યા હતા.

## દે.બારીયા શહેરમાં MGVCLના દ્વારા વીજ પુરવઠો બંધ રખાતા શહેરીજનો અને વેપારી વર્ગને મુશ્કેલીઓનો વારો ???

દે.બારીયા,

દે.બારીયા શહેરની એમ.જી.વી.સી.એલ.ના દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૪ના મંગળવારે વહેલી સવારથી આ લેખ લખાય રહયો છે. ૪.૩૦ કલાકનો સમય સુધી વીજ પ્રવાહ બંધ છે. જેથી વેપારી વર્ગ ખાસ કરીને અનાજ દળવાની ઘંટી તથા વોટર્સ સપ્લાર્યસ તેમજ ડોળી પીલવાના ઘાણીના વેપારીઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં દર મંગળવારે જે તે વિસ્તારના મેન્ટનન્સ કાર્ય કરવાનું હોય તે જ વિસ્તારનું વીજ પુરવઠો બંધ રખાતો હતો. પરંતુ જ્યારથી નવા કાર્યપાલક ઈજનેરને હાજર થયા છે. ત્યારબાદ થી આખા શહેરને બનામાં રખાય રહ્યો છે. અગાઉના કાર્યપાલક ઈજનેર ભુરીયા જે પ્રમાણે જે તે વિસ્તારમાં મેન્ટનન્સ કાર્ય કરવાની ફરજ પડતી હતી. તેજ વિસ્તારનો પુરવઠો બંધ રાખી મેન્ટનન્સ કાર્ય પુર્ણ કરાતું હતું. તે મુજબ હાલના ઈજનેરને કોણ સમજબુજ આપશે ? તે વેધક સવાલ છે. જે પ્રમાણે અગાઉના કાર્યપાલક ઈજનેર ભુરીયા ઓછામાં ઓછા વિસ્તારનું પ્રવાહ બંધ રાખ્યા વગર મેન્ટનન્સ કાર્ય કરી બતાવતા હતા હોય તો હાલના કેમ નહી જેથી આ બાબતે સ્થાનિક વિભાગના કાર્યપાલક ઈજનેર ઉચ્ચપદના ઈજનેરને સલાહ સુચન આપવામાં આવે તેવી એમ.જી.વી.સી.એલ.ના માનવતા ગ્રાહકોની માંગણી છે. જે તે મેન્ટેનન્સ કાર્ય કરવાના વિસ્તારનું વીજ પ્રવાહ બંધ રખાય તો તે જ વિસ્તારના રહિશોને અસર રહેશે. અન્ય વિસ્તારમાંના રહિશો અને વેપારીઓને વીજ પ્રવાહ બંધ રહેવાથી ઓછામાં ઓછી વેપાર ધંધામાં અસર રહેશે તેવી તજવીજ હાથ ધરવામાં આવશે ખરી ? જેથી બાવાના બેઉના બગડે કાર્યનું કાર્ય થઈ જશે અને મેન્ટેનન્સ વિસ્તારનું કાર્ય પણ થવા પામશે. અખા શહેરના એમ.જી.વી.સી.એલ.ના માનવતા ગ્રાહકોને બેસી રહેવાનો વારો ના આવે તેવા પ્રયત્નો કરવામાં આવશે ખરાં ?

## સંજેલી વિસ્તારમાં ફેસબુક ઉપર ફેક આઈડી બનાવી કેટલાક લોકોના ફોટો મૂકી મરણ ગયાના સ્ટેટ્સ મુકતા આરોપીને પોલીસે ઝડપ્યો




દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી વિસ્તારમાં ફેસબુક પર વ્યક્તિઓના ફેક આઈડી બનાવી કેટલાંક લોકોના ફોટા મુકી મરણ ગયેલ હોવાના ગીતો, સ્ટેટસ પર મુનાર ઈસમની સાયબર ક્રાઈમ પોલીસ, દાહોદ દ્વારા આણંદથી અટકાયત કર્યાનું જાણવા મળે છે.

સંજેલી વિસ્તારમાં કેટલાંક વ્યક્તિઓના ફેસબુક પર ફેક આઈડી બનાવી વ્યક્તિઓના ફોટા મુકી મરણ ગયેલ હોવાના ગીતો, સ્ટેટસ મુકાતા સંજેલી પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ મામલે સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવા પામી હતી. સાયબર ક્રાઈમ પોલીસ, દાહોદ દ્વારા આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો અને ગુન્હામાં ઉપયોગમાં કરેલ ફેક ફેસબુક આઈ.ડી.નું ટેકનીકલ એનાલીસીસ કરતાં સુરેશભાઈ લાલસીંગભાઈ બારીયા (રહે. કકરેલી, ભેદી ફળિયા, તા.સંજેલી, દાહોદ) નાની પોલીસે આણંદ મુકામેથી ઝડપી પાડી દાહોદ પોલીસ મથકે લઈ આવી હતી. આ સંબંધે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.129

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે


# આંગણવાડી માંથી સગર્ભા મહિલાઓને સડેલા જીવાતવાળા ચણા અપાતાં હોબાળો

ઘોઘંબા,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં આંગણવાડીમાં સડેલા ચણા આવેલા હોવાની બૂમ સામે આવતા સ્થાનિક લોકો દ્વારા વિડીયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. જેને લઈને ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે આંગણવાડીમાં સગર્ભા સ્ત્રીને અપાતા ચણા તદ્દન તકલાદી અને જીવાત પડેલા હોવાનું સ્પષ્ટ દેખો મળી આવ્યું હતું

ઘોઘંબા તાલુકાની લાલ પુરીને આંગણવાડીમાં જીવાત રહેલા ચણા આંગણવાડી કાર્યકર્તા દ્વારા આપવામાં આવ્યા હતા. જેને લઈને સ્થાનિક બેન દ્વારા વિડીયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયર કર્યો હતો. આ વીડિયોને લઈને સ્થાનિક લોકોએ હોબાળો મચાવ્યો હતો. ઘોઘંબા તાલુકાની આંગણવાડીમાં સગર્ભા સ્ત્રીને આપવામાં આવતા ચણા જે પેકિંગ કરેલી હાલતમાં આવે છે, જે સગર્ભા સ્ત્રીને આપવામાં આવે છે. જે ચણા દસમા મહિનામાં આપવામાં આવ્યા હતા. તેનું વિતરણ આજે આંગણવાડી બેન દ્વારા ગામમાં વિતરણ કરવામાં આવ્યું હતું. વિતરણ કરસનની સાથે જ





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

વિતરણ કરતા બે દ્વારા ચણામાં જીવા તો દેખાતી હોવાની લઈને તેને વિડીયો બનાવીને સોશિયલ મીડિયા ઉપર વાયરલ કર્યો હતો. સ્થાનિક આંગણવાડીમાં ચેક કરતા આંગણવાડીમાં કેટલાક પેકેટો આજે આપવામાં આવ્યા હોવાનું સામે આવ્યો હતો. તપાસ કરતા જે બેનને ચણા આપવામાં આવ્યો હોવાનું તે બેન દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આવી કેટલીક બહેનોને પણ સડેલા ચણા જીવાત દેખાતા હોય તેવું આપવામાં આવ્યું હતું. ત્યારે તેની કબુલાત આંગણવાડી કાર્યકર બેને પણ કરી હતી. સડેલા અનાજને કારણે ગ્રામજનો ઉશ્કેરાયા હતા અને લાલપરી ગામના આંગણવાડી કાર્યકરતાના બેનને ઉધરો લીધો હતો.

આંગણવાડીમાં છેલ્લા કેટલાક સમયથી બેન દ્વારા અગાઉ પણ અનાજનું પ્રમાણ ઓછું આપીને તેમજ સડેલું અનાજ આપવામાં આવતું હોને લઈને સ્થાનિક સરપંચ દ્વારા પણ વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. અધિકારીઓ દ્વારા કોઈપણ કાર્યવાહી ન કરતો હોવાનો પણ જાણવા મળી આવ્યું હતું. સરપંચ દ્વારા વારંવાર રજૂઆત કરવાની લઈને અધિકારીઓ પણ સાંભળતા ન હોવાનું સામે આવ્યું છે.

લાલપુરીની આંગણવાડીમાં દસમા મહિનામાં આવતો આ ચણા આજે કેમ વિતરણ કરવામાં આવ્યા તેમ તેનો સંગ્રહ કરી રાખવામાં આવ્યો તે સૌથી મોટો પ્રશ્ન છે. ત્યારે આંગણવાડી કાર્યકર દ્વારા આ તમામને ચણા કેમ વિતરણ કરવામાં આવ્યા અને સડેલા ચણા હોવાને ધ્યાનમાં હોવા છતાં કેમ ચણા આપવામાં આવ્યા તે સૌથી મોટો પ્રશ્ન છે. સરકારને આવતા અનાજને સ્થાનિકોમાં મોડું પહોંચે છે, તેમજ ગંભીર બેદરકારીને કારણે લોકો સુધી પહોંચતું ન હોવાનું પણ જાણવા મળી આવ્યું છે. ત્યારે સ્થાનિકોની માંગ છે કે દોશી તો સામે કાર્યવાહી કરે અને જે તે મહિનાનું અનાજ જલ્દીથી મળે તેવી માંગ કરી રહ્યા છે.

## મોરવ(હ)ના વાડોદરા ગામે લક્ષ્મી ગેસ એજન્સીમાં જીલ્લા પુરવઠા અધિકારીની આકસ્મિક તપાસમાં અનેક ગેરરીતિ સામે આવી

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના વાડોદર ગામે આવેલ એચ.પી. ગેસ એજન્સીમાં પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઉજજવલા લાભાર્થીઓ પાસેથી કનેકશન દીઠ ૫૦૦ થી ૬૦૦ રૂપીયા લેવામાં આવ્યા હોય તેમજ ગેસ બોટલ ભરવાના ૯૧૮/–રૂ.ની જગ્યાએ ૯૫૦/–રૂ. વસુલતા આવતા હતા. તેમજ ૩૪૭ ગેસ બોટલ ભરેલા તેમજ ખાલીની ઘટ તેમજ ૧૩ પ્રેશર રેગ્યુલરની ઘટ જોવા મળી ગેસ એજન્સી ખુલાસો નહિ કરી જતા ગેરરીતિ ઝડપાઈ જવા પામી છે.



પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા દ્વારા મોરવ(હ) તાલુકાના વાડોદર ગામે આવેલ એચ.પી. ગેસ એજન્સીની આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ કરતાં ઉજજવલા યોજના અંતર્ગત ગેસ કનેકશન લીધેલ લાભાર્થીઓ સાથે પુરવઠા અધિકારી ફોન ઉપર વાત કરતાં ઉજજવલા યોજનાના ગેસ કનેકશન દીઠ ૫૦૦,૬૦૦/–રૂ. વધારે લેવામાં આવેલ હોવાનું સામે આવ્યું હતું. તેમજ ગેસ સિલિન્ડરના ગ્રાહકોને હોમ ડીલવરી કરવામાં આવતી ન હતી. ઉપરાંત ગેસ બોટલ ભરાવામાં આવે તેમની પાસેથી રૂા.૯૧૮/–ની જગ્યાએ ૯૫૦/–રૂપીયા વસુલ કરવામાં આવતા હતા. એટલે નિયત ભાવ કરતાં ઓવર ચાર્જ વસુલવામાં આવતો હતો. ગેસ એજન્સી માંથી ૩૪૭ ગેસ સિલિન્ડર ભરેલા અને ખાલી બોટલની ઘટ મળી આવી હ તી. ૧૩ પ્રેશર રેગ્યુલેટરની પણ ઘટ સંભળાવી હતી. એજન્સીમાં પુછપરછ દરમિયાન સંતોષકારક ખુલાસો રજુ કરી શકયા ન હતા. એજન્સી દ્વારા ગેસ બોટલની ગ્રાહકોને ડીલીવરી બીલ પણ આપવામાં આવતું નથી. આમ વાડોદરા લક્ષ્મી ગેસ એજન્સીમાં અનેક ગેરરીતિ ચેકીંગ દરમિયાન જણાઈ આવી હતી.

## શહેરા નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં સોમવારની રાત્રીએ દોસ્તી ઓટો ગેરેજ નામની દુકાનની અંદર કોઈ કારણસર આગ લાગી

- ત્રણ ફાયર ફાઈટર સ્થળ ઉપર આવી જતા પાણીનો મારો શરૂ રાખ્યો હતો.
- શહેરા નગર પાલિકા અને ગોધરા, લુણાવાડાના ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બે કલાકની ભારે મહેનત બાદ આગ કાબુમાં આવી.

શહેરા,

શહેરા નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં સોમવારની રાત્રીએ દોસ્તી ઓટો ગેરેજ નામની દુકાનની અંદર કોઈ કારણસર આગ લાગી હતી. શહેરા નગર પાલિકા અને ગોધરા, લુણાવાડાના ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બે કલાકની ભારે મહેનત બાદ આગ કાબુમાં આવી હતી. જોકે, આ આગની ઘટનામાં રીપેરીંગ માટે આવેલી બાઈકો સહિત અન્ય ચીજ વસ્તુઓ બળી જતા મોટુ નુકશાન થતા દુકાનદાર ચિંતિત થઈ ઉઠયો હતો.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમો સોમવારના રોજ યોજાઈ રહ્યા હતા. ત્યારે રાત્રિના સમયે નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં આવેલી દોસ્તી ઓટો ગેરેજ નામની દુકાનમાં આગ લાગી હતી. આગની ઘટનાને લઈને ધુમાડાના ગોટેગોટા આકાશમાં જોવા મળવા સાથે આગની ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા શહેરા નગરપાલિકાનું ફાયર ફાઈટર સ્થળ પર પહોંચી જઈને પાણીનો મારો શરૂ કર્યો હતો. જોકે આગ એ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ગોધરા અને લુણાવાડા થી પણ ફાયર બ્રિગેડ બોલાવવાની ફરજ પડી હતી. આગ લાગેલ સ્થળ પર ત્રણ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા પાણીનો મારો શરૂ રાખવા સાથે સ્થાનિક યુવાનો પણ મદદ એ દોડી આવ્યા હતા. જ્યારે પોલીસ સ્થળ ઉપર આવી પહોંચવા સાથે માર્કેટિંગ યાર્ડ થી અણીયાદ ચોકડી સુધીનો એક તરફનો માર્ગ ત્રણ કલાક સુધી બંધ કરવામાં આવ્યો હતો. દુકાનમાં લાગેલી આગને ત્રણ ફાયર ફાઈટરની ટીમએ ભારે જહેમત બાદ આગને કાબુ માં લીધી હતી. જ્યારે દોસ્તી ઓટો ગેરેજના દુકાનદાર પ્રકાશભાઈ એ જણાવ્યું હતું કે, દુકાનમાં આગ લાગવાથી રીપેરીંગ માટે આવેલી બાઈકો સહિત અન્ય ચીજ વસ્તુઓ બળી જતા ભારે નુકશાન થયેલ છે. દુકાનમાં કયા કારણસર આગ લાગી તે જાણી શકાયું નથી. પરંતુ દુકાનમાં આગ લાગવાના કારણે દુકાન માલિકને લાખો રૂપિયાનું નુકશાન જવાની શક્યતા રહેલી છે.

## ગોધરાના કાંકણપુર ગામે અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠાને લઈ ૨૫૦૦ દિવડા પ્રગટાવવામાં આવ્યા

કાંકણપુર,

સમગ્ર દેશભરમાં બસ રામનામનો જયજય કાર થઈ રહ્યો છે. કારણકે દરેક લોકો ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યો હતો. ત્યારે ગઈકાલે અયોધ્યામાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદહસ્તે શ્રીરામ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ હતી. ત્યારે રાજ્યમાં ઠેર ઠેર દિવાળી જેવો માહોલ સર્જાયો છે. લોકોએ દીવાઓ પ્રગટાવીને તેમજ આતાશબાજી કરીને આ ક્ષણના શાક્ષી બન્યા હતા. ત્યારે ગોધરા તાલુકાના કાકણપુર ખાતે પ્રાણ



પ્રતિષ્ઠા મહોત્સવને લઈને મોડી રાત્રીએ ભવ્ય શોભાયાત્રા ભગવાન શ્રીરામને નીકાળવામાં આવી હતી. તેમજ આખા કાકણપુર ગામમાં ૨૦૦૦ થી ૨૫૦૦ દીવડા ઓને પ્રગટાવવામાં આવ્યા હતા.

આખું ગામ દીવાથી શણગારવામાં આવતા ગામમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. કાંકણપુર ગ્રામ્ય વિસ્તારોના લોકો બેન્ડબાજા અને ડીજેના તાલે ગરબે પણ ઘૂમ્યા હતાં. સાથો સાથ શોભાયાત્રા કાકણપુર નગરમાં ફેરવવામાં આવી હતી. ફટકડા ફોડી દિવાળી જેવો માહોલ ઉભો કર્યો હતો. અયોધ્યામાં રામ મંદીરની પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી દેશભરમાં હોંશે હોંશે ઉજવી હતી. ત્યારે કાકણપુર ગામમાં પણ પ્રાણ પ્રતિષ્ઠાના અવસરને ઉત્સાહ રૂપે ઉજવણી કરવામાં આવી છે. ઉજવણી કરી સંધ્યા સમયે દિવાળી જેવો માહોલ જોવા મળ્યો આખા ગામમાં લોકોએ દિપ પ્રગટાવીને રામ મંદિર પ્રાણ–પ્રતિષ્ઠાની ઉજવણી કરી છે.

## ગોધરા દયાળના સર્વે નં.૧૪૨, ૧૪૪માં ના.કલેકટર હુકમના બીનખેડુત હોવાની એક સર્વે નંબરમાં અસર આપવાની બાકી હતી. તે નોંધની અસર અપાશે કે નોંધ નં.૨૧૯૫ની અસર અપાશે

ગોધરા,

ગોધરા મોજે દયાળના સર્વે નં.૧૪૨,૧૪૪માં મામલતદાર દ્વારા ૧૦/૭/૭૬ના રોજ વેચાણની નોંધ પાડવામાં આવી હતી. તે આ નોંધ ના.કલેકટર દ્વારા આર.ટી.એસ. રીવીઝન કેસ ચલાવીને લેનાર બીનખેડુત હોય તો વેચાણની નોંધ રદ કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમની એક જ સર્વે નંબરમાં અસર અપાઈ હતી. આ સર્વે નં.માં ના.કલેકટરના આર.ટી.એસ. રીવીઝન હુકમની અસર અપાઈ ન હતી. તેમના દ્વારા આ સર્વે નંબરમાં બીજાને વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. જેના દ્વારા વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. તેના દ્વારા તા.૬/૧/૨૦૨૪ના રોજ બક્ષીસનો દસ્તાવેજ કરી આપતાં આ નોંધમાં ના.કલેકટરના હુકમની ૯૪૩ નોંધની અસર અપાવશે કે નોંધ નં.૨૧૯૫ તા.૬/૧/૨૦૨૪ની નોંધની અસર અપાવશે તે જોવાનું રહ્યું.

## લોકસભા ચૂટણીને લઈ ગોધરા શહેરમાં કાર્યાલયનો ભાજપા નેતા બચૂ ખાબડના હસ્તે શુભારંભ




ગોધરા,

પંચમહાલ લોકસભા બેઠકના ભાજપના ચૂંટણી કાર્યાલયનું રાજ્યકક્ષાના મંત્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું, આગામી સમયમાં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે આજથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, ભાજપ દ્વારા કાર્યાલયને સતત ધમધમતું રાખીને પંચમહાલ બેઠક જીતવા માટે પ્રયત્ન કરવામાં આવશે. તેમજ પંચમહાલ જિલ્લાની લોકસભા બેઠક પરથી૧૦ લાખની લીડ આપવા કાર્યકરોને હાકલ કરી હતી. કોંગ્રેસ ઉપર આડકતરી રીતે ચબખા મારતા કહ્યું કે વિરોધીઓ જે ભેગા થયા હતા તે વિખેરાઈ ગયા છે અને કોંગ્રેસનું નામ જ ન લેવા પણ હાકલ કરી હતી. અયોધ્યામાં રામ જન્મભૂમિ ઉપર રામ પ્રતીષ્ઠા બાદ એક નવા યુગની શરૂઆત થઇ છે માટે જ્યારે ૨૦૧૯ માં આવું કાઈ નહોતું ત્યારે ૪.૫ લાખ ની લીડ વિજેતા બનતા હતા. ત્યારે હવે તો નવા યુગની શરૂઆત થઈ છે.

દેશમાં આગામી સમયમાં લોકસભાની ચૂંટણીઓ યોજવામાં આવનાર છે. જેના માટે વિવિધ રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે ભાજપ દ્વારા પણ સમગ્ર ગુજરાતમાં આવેલી તમામ લોકસભા બેઠક જીતવા માટે કમર કસી લેવામાં આવી છે. ત્યારે પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં ભાજપ દ્વારા પોતાના ચૂંટણી કાર્યાલયની શરૂઆત કરવામાં આવી છે. ગોધરા શહેરના દાહોદ રોડ ખાતે રાજ્ય કક્ષાના મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે પંચમહાલ લોકસભા બેઠકના ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના વિવિધ હોદ્દેદારો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત મંત્રી બચુભાઈ ખાબડે વિપક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, દેશમાંથી કોંગ્રેસ સહિતના તમામ પક્ષોનો સફાયો થઈ ગયો છે.

ગઈકાલે જ ભાજપ દ્વારા ભારતને રામમંદિરની ભેટ આપવામાં આવી છે. જેને લઇ નવા રાજકીય ગઠબંધનને ડર ઘુસી ગયો છે. આગામી ૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં તમામ બેઠકો જીતવા માટે કાર્યકર્તાઓએ નિર્ધાર કરવાનો છે. પંચમહાલ લોકસભા બેઠક પર ગત ચૂંટણીમાં ૫ લાખ મતથી ભાજપનો વિજય થયો હતો. ત્યારે આગામી ચુંટણીમાં આ આંકડો ડબલ થઈને ૧૦ લાખ મતથી ભાજપ વિજયી બનવું જોઈએ. આ માટે તમામ કાર્યકર્તાઓએ આજથી મહેનત શરૂ કરી દેવા માટે મંત્રી બચુભાઇ ખાબડે આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ રતનસિંહ રાઠોડ, ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી, મોરવા હડફ ધારાસભ્ય નિમિષા સુથાર, પંચમહાલ લોકસભા બેઠકના પ્રભારી અને ભરૂચ ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, પંચમહાલ જિલ્લા ભાજપ પ્રભારી ભરત ડાંગર સહિત જિલ્લાના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા કસ્બાની નોંધ નં.૭૩૪૧૭ આખરે પ્રાંત અધિકારી દ્વારા રોડ-રસ્તા અને કોમન પ્લોટની હોય નામંજુર કરાઇ

**નોંધ નં.૭૩૪૧૭માં અરજદાર દ્વારા અટક વગરની જમીનમાં ૫૦ રૂા.સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામા આધારે ચેતનદાસ તુલસીદાસ દર્શાવેલ હતું તેના આધારે આખરે પ્રાંત અધિકારી દ્વારા અટક વગરની નોંધ મંજુર કરાઈ.**

ગોધરા,

ગોધરા કસ્બાની નોંધ નં.૭૩૪૧૭ને પ્રાંત અધિકારી દ્વારા નામંજુર કરાઈ અને નોંધ નં.૭૩૪૧૮ મંજુર કરવામાં આવી. ગોધરા પ્રાંત અધિકારી દ્વારા નોંધ નં.૭૩૪૧૭ના રેકર્ડ જોતા વાંધાગ્રસ્ત સર્વે નંબરની ૧૯૮૬/૮૭થી વર્ષ–૨૦૦૫ના પાણી પત્રકની વિગત જોતાં ૦–૧૫–૩૮ (રસ્તા પડતર તરીકે) દર્શાવેલ છે. આ જમીન ખેતી નહિ પરંતુ રોડ રસ્તાની હોવાનું જણાય છે. તેમજ ફેરફાર નોંધ નં.૮૯૭૮ તા.૫/૬/૬૯ની વિગત જોતાં સીટી રેકર્ડના પ્રોપર્ટી કાર્ડ ઉપરથી રે.સર્વે નં.૫૨૪ના હિસ્સાની નોંધ કર્યા બાબતની નોંધ દાખલ થયેલ છે. તેમજ વર્ષ ૧૯૬૫/૬૬ થી ૧૯૭૪/૭૫ હસ્ત લિખિત ૭/૧૨માં સીટી લીમીટમાં જવાથી પાન કમી તેવી નોંધ કરેલ છે. આમ વાદાગ્રસ્ત મિલ્કતનું પ્રોપર્ટી કાર્ડ બનેલ હોવાનું તેમજ વાદાગ્રસ્ત પાન રેવન્યું રેકર્ડ સીટી લીમીટમાં જવાની પાન કર્યાની નોંધ કરેલ હોવા છતાં રેવન્યુ રેકર્ડ ચાલતો હોવાનું જણાય છે.

આમ વાદાગ્રસ્ત મિલ્કત (રસ્તા પડતરની) હોવાનું જણાવે છે. તો આ જમીન ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં ચેતનદાસ પ્લોટમાં આવેલ હોય આ જમીન કરોડો રૂપીયાની હોય એમાં વડોદરા થી ૩૪ વર્ષ પછી ઉંઘ માંથી ઉઠી વારસદારો આવી રસ્તા પડતરની અને કોમન પ્લોટની જગ્યામાં વારસાઈ કરાવીને કરોડો રૂપીયાની મિલ્કત નામો દાખલ કરી વેચાણ કરવા માટે ગોધરાના સરકારી સસ્તા અનાજના દુકાનધારક દ્વારા પોતાનો મોબાઈલ નંબર નાખી વારસાઈ કરાવેલ હતી. તો આ નોંધ આખરે ગોધરાના પ્રાંત અધિકારી દ્વારા નોંધ નામજુંર કરાઈ અને આ સરકારી અનાજના દુકાનધારક આવી કેટલીક જમીનોમાં ગોધરા બહારથી વ્યકિતઓને લાવી અટક ન ધરાવતી હોય તેવી મિલ્કતોમાં ભળતા નામનો લાભ લઈ વારસાઈ કરાવીને આવી કરોડો રૂપીયાની બીજી મિલ્કતો વેચાણ કરાઈ છે કે તેની તપાસ જીલ્લા કલેકટર દ્વારા કરાય તે જરૂરી છે. જ્યારે ગોધરા કસ્બાની નોંધ નં.૭૩૪૧૮માં પ્રાંત અધિકારી દ્વારા ૮/૮/૧૯૬૧થી ચેતનદાસ તુલસીદાસએ વેચાણ રાખેલ હતી. ૬૨ વર્ષ પછી આ મિલ્કતમાં વારસાઈની નોંધ પાડી તેમા પણ ચેતનદાસ તુલસીદાસ વાળી મિલ્કતમાં વારસાઇ પણ કુટુંબ પૈકીના ચાર ભાઈ માંથી એક ભાઇના વારસદારો દ્વારા ૨૨/૫/૧૯૯૧નો મરણ દાખલો મૂકી બીજા વારસદારોને ના લઈને વારસાઈ કરાવેલ હોય અને આ જમીન ખરેખર આ મિલ્કત અટક વગરની હોય અને તેમાં વડોદરાના અટકવાળા જે વ્યકિતઓએ વારાસઈ કરાવેલ છે. તેમાં પણ ચેતનદાસ તુલસીદાસનો છોકરો દર્શાવે છે. તો અન્ય ત્રણ ભાઈઓને પેઢીનામામાં કેમ દર્શાવવામાં આવ્યા ન હોય તે ચર્ચાનો વિષય છે. જો આ ચેતનદાસ તુલસીદાસ ટહેલારમાણીની મિલ્કત હોય તો આ મિલ્કતમાં ચાર ભાઈનો પૈકી માત્ર એક ભાઈને પેઢીનામામાં દર્શાવી અન્ય ત્રણ ભાઈઓને કેમ બાકાત રાખવામાં આવ્યા તો આ જમીનમાં સરકારી અનાજ દુકાનદાર દ્વારા માત્ર એકભાઈને પેઢીનામા દર્શાવીને વારસાઈ કરાવી નોંધ નં.૭૩૪૧૮ પડાવી હતી અને આ નોંધ પ્રાંત અધિકારી દ્વારા અરજદારે ૫૦/–રૂા. સ્ટેમ્પ ઉપર કરેલ નોટરી કે.આર.મિસ્ત્રી વડોદરાની રૂબરૂ રજી.ક્રમાંક ૫૬૩૨ તા.૭/૯/૨૦૨૩થી નોંધાયેલ સોગંદનામાની વિગતમાં૦ સવાલવાળી મિલ્કત તેમના દાદા નામે ચેતનદાસ તુલસીદાસ ટહેલારામાણીના નામે ચાલે છે. તેવું દર્શાવિલ છે. તો આ સર્વે નોંધ પ્રાત અધિકારી દ્વારા તા.૧૮/૧/૨૦૨૪ના રોજ મંજુર કરવામાં આવી છે. તો આ નોંધની જીલ્લા કલેકટર પંચમહાલ સુમો મોટો લઈને આ અટક વગરની ભળતા નામથી વારસાઈ કરાવી જે નોંધ મંજુર કરવામાં આવી છે. તે નોંધની તપાસ કરી રદ કરાશે કે કેમ તે જોવાનું રહ્યું.